# ઇંગ્લેન્ડ હાર્યું, ફાઇનલમાં ભારતનો સામનો ન્યૂઝીલેન્ડ સાથે

**સેસમનના** 89 રનની સાથે ઇશાન, દુબે, હાર્દિક અને તિલકની ઇનિંગથી ભારતે સાત વિકેટે 253 રન કર્યા

**ભારતીય** ટીમે ટી-20 વર્લ્ડકપ ઇતિહાસમાં નોકઆઉટ મેચમાં સર્વાધિક સ્કોરનો રેકોર્ડ બનાવ્યો

**ઈંગ્લેન્ડની** ટીમ બેથલની સદી છતાં સાત વિકેટે 246 રન સુધી પહોંચતા ભારતે મેચ સાત રને જીતી




મુંબઈ, તા. 05 (પીટીઆઇ) : ટી-20 વર્લ્ડકપની આજે ગુરુવારે અહીં રમાયેલી સેમી ફાઇનલમાં સંજુ સેમસનની તોફાની અર્ધસદીની મદદથી ભારતે સાત વિકેટે 253 રન બનાવીને ટુર્નામેન્ટના ઈતિહાસમાં નોકઆઉટ મેચોમાં સૌથી વધુ સ્કોર બનાવ્યો હતો, જેની સામે જેક બેથલની સદી અને વિલ જેક્સ તેમજ સેમ કરન સાથેની તેની ભાગીદારીઓ છતાં ઈંગ્લેન્ડની ટીમ સાત વિકેટે 246 રન સુધી જ પહોંચી શકી હતી અને ભારતે સાત રનથી મેચ જીતીને ફાઈનલમાં પ્રવેશ કર્યો હતો. રવિવારે આઠમી માર્ચે અમદાવાદમાં રમાનારી ફાઈનલમાં ભારતનો મુકાબલો હવે ન્યૂઝીલેન્ડની સાથે થશે.

ટોસ હારીને બેટિંગ કરવા આવેલા ભારતે પાવર પ્લેમાં સેમસનના એક વિકેટે 67 રનની મદદથી સારી શરૂઆત કરી હતી અને 10 ઓવરમાં બે વિકેટે 119 રન બનાવ્યા હતા. વેસ્ટ ઈન્ડિઝ સામેની પાછલી મેચમાં ભારતની જીતના હીરો સેમસને પોતાને 15 રન પર મળેલા જીવતદાનનો ફાયદો ઉઠાવતા, 42 બોલમાં સાત છગ્ગા અને આઠ ચોગ્ગાની મદદથી 89 રન બનાવ્યા. તેણે 39 રન કરનારા ઈશાન કિશન સાથે બીજી વિકેટ માટે 45 બોલમાં 97 રન અને 43 રન કરનારા શિવમ દુબે સાથે ત્રીજી વિકેટ માટે 22 બોલમાં 43 રન ઉમેર્યા. હાર્દિક પંડ્યાએ 12 બોલમાં 27 અને તિલક વર્માએ 7 બોલમાં 21 રન કરીને ભારતને ૨50 રનની પાર પહોંચાડ્યું. ભારતની ઈનિંગમાં 19 છગ્ગાનો સમાવેશ થતો હતો, જે ટીમનું શ્રેષ્ઠ પ્રદર્શન હતું.

### ટી-20 વર્લ્ડકપ નોકઆઉટ મેચમાં સૌથી વધુ ટીમ સ્કોર

| ટીમ | હરીફ | સ્થળ | સ્કોર | વર્ષ |
|---|---|---|---|---|
| ભારત | ઈંગ્લેન્ડ | મુંબઇ | 253/4 | 2026 |
| વેસ્ટ ઈન્ડિઝ | ઓસ્ટ્રેલિયા | કોલંબો | 205/5 | 2012 |
| ઓસ્ટ્રેલિયા | પાકિસ્તાન | ગ્રોસ આઇલેટ | 197/7 | 2010 |
| વેસ્ટ ઈન્ડિઝ | ભારત | મુંબઇ | 196/3 | 2016 |
| ભારત | વેસ્ટ ઈન્ડિઝ | મુંબઇ | 192/2 | 2016 |

### સેમીમાં બંને ટીમોએ મળીને કુલ 499 રનનો રેકોર્ડ બનાવ્યો

ભારતે ૨૫૩ અને ઈંગ્લેન્ડે ૨૪૬ રન કરીને ટી-20 વર્લ્ડકપ મેચમાં સર્વાધિક કુલ રનનો રેકોર્ડ બનાવ્યો હતો. અગાઉનો ટી૨૦ વર્લ્ડકપનો સૌથી મોટો સ્કોર 2016માં દક્ષિણ આફ્રિકા અને ઈંગ્લેન્ડ વચ્ચે આ જ સ્થળે 459 રન હતો.

#### ટી-20 વર્લ્ડકપમાં બંને ટીમ મળીને સર્વાધિક કુલ સ્કોર

| જીતેલી ટીમ | હારેલી ટીમ | સ્થળ | સ્કોર | વર્ષ |
|---|---|---|---|---|
| ભારત | ઈંગ્લેન્ડ | મુંબઇ | 499 | 2026 |
| ઈંગ્લેન્ડ | દ. આફ્રિકા | મુંબઇ | 459 | 2016 |
| ભારત | ઝિમ્બાબ્વે | ચેન્નાઇ | 440 | 2026 |
| પાકિસ્તાન | શ્રીલંકા | પલ્લેકલ | 419 | 2026 |
| ભારત | ઈંગ્લેન્ડ | ડરબન | 418 | 2007 |


### ભારત-ઇંગ્લેન્ની સેમી ફાઇનલમાં સર્વાધિક ૩૪ છગ્ગા

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચેની સેમી ફાઇનલમાં ભારતે 19 અને ઈંગ્લેન્ડે 15 છગ્ગા ફટકાર્યા હતા, જે ટી-20 વર્લ્ડકપની કોઇ એક મેચમાં અત્યાર સુધીનો સૌથી વધુ છે. આ મેચમાં વેસ્ટ ઇન્ડીઝ અને ઝિમ્બાબ્વે વચ્ચે આ જ સ્થળે રમાયેલી મેચમાં ફટકારાયેલા 31 છગ્ગાના રેકોર્ડને વટાવ્યો હતો.

### નોકઆઉટ મેચમાં બેથલની સંયુક્ત ઝડપી અર્ધસદી અને સર્વાધિક વ્યક્તિગત સ્કોર

જેકબ બેથલે આજે 19 બોલમાં પોતાની અર્ધસદી પુરી કરી જે ટી-20 વર્લ્ડકપ નોકઆઉટ સ્પર્ધામાં સંયુક્ત રીતે સૌથી ઝડપી અડધી સદી છે. બેથેલે ગઈકાલે કોલકાતામાં દક્ષિણ આફ્રિકા સામે ફિન એલનની અર્ધસદીના રેકોર્ડની બરાબરી કરી હતી. બેથેલનો ૧૦૫ રન એ ટી૨૦ વર્લ્ડ કપ નોકઆઉટ મેચમાં સૌથી વધુ સ્કોર છે, જેણે ગઈકાલે ઇડન ગાર્ડન્સ ખાતે ફિન એલનના નોટઆઉટ ૧૦૦ રનને પાછળ છોડી દીધા હતા.

### અક્ષરના કેચે 2024ના ફાઇનલમાં સૂર્યાના કેચની યાદ અપાવી



ઈંગ્લેન્ડની બેટિંગ દરમિયાન ગુજરાતી ખેલાડી અક્ષર પટેલે ફિલ્ડીંગમાં જોરદાર પ્રદર્શન કર્યું હતું. તેણે મેચમાં કુલ ત્રણ કેચ ઝડપ્યા હતા, તેમાંથી વિલ જેક્સનો તેણે પકડેલો કેચ ગેમ ચેન્જર બન્યો હતો. ઈંગ્લેન્ડની ઇનિંગની 14મી ઓવરના છેલ્લા બોલે જેક્સે કવર તરફ જોરદાર શોટ માર્યો હતો અને અક્ષરે દોડીને કેચ ઝડપી લીધા પછી તેને લાગ્યું કે તે બાઉન્ડરી બહાર નીકળી જશે ત્યારે તેણે બોલ ઉછાળીને નજીક આવી ગયેલા શિવમ દુબે તરફ ફેંક્યો હતો અને દુબેએ કોઇ ભુલ કર્યા વગર તે કેચ ઝડપી લેતા ભારતને મોટી સફળતા મળી હતી. જેક્સ આઉટ થયો તે પહેલા તેણે અને જેકબ બેથલે 39 બોલમાં 77 રનની ભાગીદારી કરી હતી અને એ બંને મળીને ઈંગ્લેન્ડને જીત તરફ દોરી રહ્યા હતા. અહીં આપેલી તસવીરોમાં પહેલી તસવીરમાં અક્ષર કેચ પકડતો બીજીમાં પોતાને સંભાળતો અને ત્રીજીમાં દુબે તરફ બોલ ઉછાળતો જોવા મળે છે.

| ભારત | રન | બોલ | 4 | 6 |
|---|---|---|---|---|
| સેમસન કો.સોલ્ટ બો.જેક્સ | 89 | 42 | 8 | 7 |
| અભિષેક કો.સોલ્ટ બો.જેક્સ | 9 | 7 | 2 | 0 |
| ઇશાન કો.જેક્સ બો.રશિદ | 39 | 18 | 4 | 2 |
| દુબે રનઆઉટ | 43 | 25 | 1 | 4 |
| સૂર્યા સ્ટ.બટલર બો.રશિદ | 11 | 6 | 0 | 1 |
| હાર્દિક રનઆઉટ | 27 | 12 | 3 | 2 |
| તિલક બો.આર્ચર | 21 | 7 | 0 | 3 |
| અક્ષર નોટઆઉટ | 2 | 2 | 0 | 0 |
| વરુણ નોટઆઉટ | 0 | 1 | 0 | 0 |
| વધારાના | 12 | | | |
| કુલ (20 ઓવરમાં સાત વિકેટે) | 253 | | | |

**વિકેટપતન :** 1/20, 2/117, 3/160, 4/190, 5/212, 6/236, 7/251

| બોલિંગ | O | M | R | W |
|---|---|---|---|---|
| જોફ્રા આર્ચર | 4 | 0 | 61 | 1 |
| વિલ જેક્સ | 4 | 0 | 40 | 2 |
| જેમી ઓવર્ટન | 3 | 0 | 36 | 0 |
| સેમ કરન | 4 | 0 | 53 | 0 |
| આદિલ રશિદ | 4 | 0 | 41 | 2 |
| લિયામ ડોસન | 1 | 0 | 19 | 0 |

| ઈંગ્લેન્ડ | રન | બોલ | 4 | 6 |
|---|---|---|---|---|
| સોલ્ટ કો.અક્ષર બો.હાર્દિક | 5 | 3 | 1 | 0 |
| બટલર બો.વરુણ | 25 | 17 | 4 | 1 |
| બ્રુક કો.અક્ષર બો.બુમરાહ | 7 | 6 | 1 | 0 |
| બેથલ રનઆઉટ | 105 | 48 | 8 | 7 |
| બેન્ટન બો.અક્ષર | 17 | 5 | 1 | 2 |
| જેક્સ કો.દુબે બો.અર્શદીપ | 35 | 20 | 4 | 2 |
| કરન કો.તિલક બો.હાર્દિક | 18 | 14 | 2 | 0 |
| ઓવર્ટન નોટઆઉટ | 2 | 3 | 0 | 0 |
| આર્ચર નોટઆઉટ | 19 | 4 | 0 | 3 |
| વધારાના | 13 | | | |
| કુલ (20 ઓવરમાં સાત વિકેટે) | 246 | | | |

**વિકેટપતન :** 1/13, 2/38, 3/64, 4/95, 5/172, 6/222, 7/225

| બોલિંગ | O | M | R | W |
|---|---|---|---|---|
| અર્શદીપ સિંહ | 4 | 0 | 51 | 1 |
| હાર્દિક પંડ્યા | 4 | 0 | 38 | 2 |
| જસપ્રીત બુમરાહ | 4 | 0 | 33 | 1 |
| વરુણ ચક્રવર્તી | 4 | 0 | 64 | 1 |
| અક્ષર પટેલ | 3 | 0 | 35 | 1 |
| શિવમ દુબે | 1 | 0 | 22 | 0 |

## લક્ષ્ય સેન ઓલ ઈંગ્લેન્ડ ચેમ્પિયનશિપની ક્વાર્ટર ફાઇનલમાં

બર્મિંઘમ, તા. 05 (પીટીઆઇ) : ભારતીય શટલર લક્ષ્ય સેને ગુરુવારે અહીં મેન્સ સિંગલ્સની પ્રી-ક્વાર્ટર ફાઇનલમાં હોંગકોંગના એનજી કા લોંગ એંગસને મુશ્કેલ મુકાબલામાં હરાવીને પ્રતિષ્ઠિત ઓલ ઈંગ્લેન્ડ ઓપન બેડમિન્ટન ચેમ્પિયનશિપના ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ કર્યો. વિશ્વમાં 12મા ક્રમાંકિત લક્ષ્યે ખૂબ જ ઝડપી અને આક્રમક રમત રમી અને ત્રણ ગેમની રોમાંચક મેચમાં રેન્કિંગમાં ટોચ ટેન ખેલાડી લોંગને 21-19, 21-23, 21-10થી હરાવ્યો. ટુર્નામેન્ટની 2022 આવૃત્તિમાં રનર-અપ રહેનાર લક્ષ્ય હવે ક્વાર્ટર ફાઇનલમાં છઠ્ઠા ક્રમાંકિત ચીનના લી શી ફેંગ અથવા આયર્લેન્ડના નહાટ ન્ગુયેન સામે ટકરાશે. વર્લ્ડ ચેમ્પિયનશિપ (2021) બ્રોન્ઝ મેડલ વિજેતા લક્ષ્ય અગાઉ લોંગ સામે રમેલી ત્રણેય મેચ હારી ગયો હતો.

## અમદાવાદ ભારતની પ્રથમ સાયકલિંગ લીગનું આયોજન કરશે

નવી દિલ્હી, તા. 05 : આ વર્ષે નવેમ્બરમાં ભારતીય સાયકલિંગમાં પ્રથમ વખત ફ્રેન્ચાઇઝ આધારિત લીગનું આયોજન કરવામાં આવી રહ્યું છે, રમતગમત મંત્રી મનસુખ માંડવિયાએ આ પગલાને રમત માટે સંભવિત નિર્ણાયક ક્ષણ તરીકે વર્ણવ્યું છે, જે હજુ પણ દેશમાં પોતાનો પગપેસારો કરવા માટે સંઘર્ષ કરી રહી છે. આઠ ટીમોની ઇન્ડિયન સાયકલિંગ લીગ નવેમ્બરના બીજા અઠવાડિયામાં અમદાવાદમાં યોજાશે, જે 2030 કોમનવેલ્થ ગેમ્સની યજમાની મેળવ્યા બાદ 2036 ઓલિમ્પિકના યજમાન અધિકારો મેળવવાનો પ્રયાસ કરી રહી છે. માંડવિયાએ જણાવ્યું કે આ ઘટના ભારતીય રમતગમતમાં એક મહત્વપૂર્ણ ક્ષણ છે. વિશ્વની પ્રથમ ફ્રેન્ચાઇઝ-આધારિત રોડ સાયકલિંગ લીગ શરૂ કરીને, અમે ફક્ત રેસનું આયોજન કરી રહ્યા નથી પરંતુ એક વ્યાવસાયિક ઇકોસિસ્ટમ બનાવી રહ્યા છીએ જે પ્રતિભાને પોષશે, વૈશ્વિક ધ્યાન ખેંચશે અને ફિટ અને અવિશ્વસનીય ભારતના અમારા વિઝન સાથે સુસંગત રહેશે.

### સુડોકુ ૬૪૬૩ - 'કૃતિ'

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૬ | | ૧ | | | | |
| | ૭ | ૫ | ૨ | ૪ | | | | ૧ |
| | | | ૬ | | ૮ | | ૩ | |
| | | | ૮ | | ૧ | | | ૯ |
| | | ૩ | | ૫ | ૬ | ૨ | | |
| ૮ | | | | | | | ૬ | ૫ |
| | | ૮ | ૧ | | ૩ | ૪ | ૨ | ૭ |
| | ૬ | | ૪ | | | ૯ | | ૩ |
| | ૩ | | | ૯ | | | ૧ | |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

# અર્જુન તેંદુલકર અને સાનિયા ચાંડોકના ભવ્ય સમારોહમાં લગ્ન સંપન્ન

**રમત** જગત, મનોરંજન તેમજ રાજકારણ અને બિઝનેસ જગતના દિગ્ગજોની હાજરી

**ગાવસ્કરથી** લઇને દ્રવિડ, ધોની, અમિતાભ, શાહરૂખ, મુકેશ અંબાણી, દેવેન્દ્ર ફડણવીસની ઉપસ્થિતિ



મુંબઈ, તા. 05 (પીટીઆઇ) : દિગ્ગજ ક્રિકેટર સચિન તેંદુલકરના પુત્ર અને ક્રિકેટર અર્જુન તેંદુલકરે આજે ગુરુવારે 'ધ સેન્ટ રેજિસ મુંબઈ' ખાતે એક ભવ્ય સમારોહમાં ઉદ્યોગસાહસિક સાનિયા ચાંદોક સાથે લગ્ન કર્યા હતા. આ હાઈ-પ્રોફાઈલ ઈવેન્ટમાં રમતગમત, મનોરંજન અને રાજકારણ જગતની અનેક નામાંકિત હસ્તીઓ ઉમટી પડી હતી.

અર્જુન ભારત માટે અંડર-19 સ્તરે અને ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL) માં મુંબઈ ઈન્ડિયન્સ તરફથી રમી ચૂક્યો છે. તે ઘરેલું ક્રિકેટમાં ગોવાનું પ્રતિનિધિત્વ કરે છે. સાનિયા ઉદ્યોગપતિ રવિ ઘાઈની પૌત્રી છે અને તે પોતે પશુ ચિકિત્સા ક્ષેત્રે ઉદ્યોગસાહસિક છે. તેમના લગ્નમાં ઉપસ્થિત મહાનુભાવોમાં મહાન ઓપનર સુનીલ ગાવસ્કર તેમની પત્ની માર્શનીલ, માજી કેપ્ટન અનિલ કુંબલે અને માજી કોચ રવિ શાસ્ત્રી, બીસીસીઆઇના માજી સચિવ અને હાલના આઇસીસી ચેરમેન જય શાહ, ભારતીય ટીમના માજી કેપ્ટન અને કોચ રાહુલ દ્રવિડ, હરભજન સિંહ, વેંકટેશ પ્રસાદ, મહેન્દ્ર સિંહ ધોની, કોમેન્ટેટર હર્ષ ભોગલે, ચીફ સિલેક્ટર અજીત અગરકર તેમજ પ્રજ્ઞાન ઓઝા, મોહમ્મદ કૈફ, પિયુષ ચાવલા, યુસુફ પઠાણ તેમજ રાજીવ શુક્લા પણ ઉપસ્થિત રહ્યા હતા. ભારતના મુખ્ય કોચ ગૌતમ ગંભીર પણ તેમની પત્ની નતાશા જૈન સાથે હાજર હતા, બોલીવુડમાંથી અમિતાભ બચ્ચન અને જયા બચ્ચન, અભિષેક બચ્ચન અને ઐશ્વર્યા રાય, તેમજ શાહરૂખ ખાન અને તેમનો પરિવાર, આમિર ખાન, આશા ભોંસલે અને સોનુ નિગમ જેવી હસ્તીઓએ હાજરી આપી હતી. આ ઉપરાંત રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝના મુકેશ અંબાણી અને નીતા અંબાણી, તેમના પુત્ર આકાશ અને પુત્રવધૂ શ્લોકા અંબાણી તેમજ મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ, નવનિર્માણ સેનાના પ્રમુખ રાજ ઠાકરે પણ લગ્ન પ્રસંગે હાજર રહ્યા હતા.

### દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રયોમંદ પરબીઆ

**સાંધાના દુઃખાવા**

રોજ સવારે અને સાંજે ત્રણ ત્રણ ગ્રામ જેટલું હરડે ચૂર્ણ, હુંફાળા પાણી સાથે લો.

# ફિન એલનની તોફાની સદીથી દક્ષિણ આફ્રિકાને હરાવીને ન્યુઝીલેન્ડ ફાઇનલમાં

**ન્યૂઝીલેન્ડના** બોલરોએ દક્ષિણ આફ્રિકાને આઠ વિકેટે 169 રન સુધી સિમિત રાખ્યું

**એલનની** સદી અને સૈફર્ટની અર્ધસદીથી ન્યૂઝીલેન્ડે 12.5 ઓવરમાં જ લક્ષ્યાંક કબજે કરી લીધો

કોલકાતા, તા. 05 : ફિન એલનની 33 બોલમાં નોટઆઉટ સદીની મદદથી ન્યુઝીલેન્ડે ગઇકાલે બુધવારે દક્ષિણ આફ્રિકાને નવ વિકેટથી હરાવીને ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો. ન્યૂઝીલેન્ડના બોલરોએ પહેલા દક્ષિણ આફ્રિકાને આઠ વિકેટે 169 રન સુધી સિમિત રાખ્યું હતું અને તે પછી એલનની 33 બોલમાં 10 ચોગ્ગા અને આઠ છગ્ગા સાથેની 100 રનની નોટઆઉટ ઈનિંગથી ન્યૂઝીલેન્ડે માત્ર 12.5 ઓવરમાં એક વિકેટે 170 રનના લક્ષ્ય કબજે કરીને ટીમને 2021 પછી બીજીવાર ફાઇનલમાં પહોંચાડી હતી.

લક્ષ્યાંક કબજે કરવા ઉતરેલી ન્યૂઝીલેન્ડની ટીમને એલન અને ટિમ સીફર્ટે મળીને નવ ઓવરમાં 117 રન બોર્ડ પર મૂકી મજબૂત શરૂઆત અપાવી હતી. સૈફર્ટ ૩૩ બોલમાં 58 રન કરીને આઉટ થયો હતો. પાવરપ્લેની છ ઓવરમાં એલન અને સૈફર્ટે 84 રનની ભાગીદારી નોંધાવી હતી. સૈફર્ટ આઉટ થયા પછી એલને રચિન રવિન્દ્ર સાથે મળીને બાકીનું કામ પૂર્ણ કર્યું હતું. રચિને 11 બોલમાં 13 રન કરીને નોટઆઉટ રહ્યો હતો. એલને પોતાની અર્ધસદી 19 બોલમાં પુરી કર્યા પછી બીજા 50 રન 14 બોલમાં ફટકાર્યા હતા.

## ફિન એલને ટી-20 વર્લ્ડકપમાં સૌથી ઝડપી સદીનો રેકોર્ડ બનાવ્યો

**એલને** ટી-20 વર્લ્ડકપ નોકઆઉટમાં સર્વાધિક વ્યક્તિગત સ્કોરનો રેકોર્ડ પણ બનાવ્યો




કોલકાતા, તા. 05 : ટી-20 વર્લ્ડકપાં બુધવારે અહીં રમાયેલી દક્ષિણ આફ્રિકા સામેની સેમી ફાઇનલમાં ન્યૂઝીલેન્ડના ફિન એલને 33 બોલમાં સદી પુરી કરીને ટી-20 વર્લ્ડકપમાં બોલની દૃષ્ટિએ સૌથી ઝડપી સદી ફટકારવાનો ક્રિસ ગેલનો રેકોર્ડ તોડ્યો હતો અને તેની સાથે જ તેણે ટી-20 વર્લ્ડકપ નોકઆઉટ મેચમાં સર્વાધિક વ્યક્તિગત સ્કોરનો પણ રેકોર્ડ બનાવ્યો હતો. એલને પોતાની અર્ધસદી 19 બોલમાં પુરી કરી હતી અને તે પછીના 50 રન તેણે માત્ર 14 બોલમાં પુરા કરીને 33 બોલમાં પોતાની સદી પુરી કરી હતી. ગેલે 2016માં ઈંગ્લેન્ડ સામે 47 બોલમાં સદી ફટકારવાનો રેકોર્ડ બનાવ્યો હતો તે એલને તોડ્યો હતો.

### ટી-20 વર્લ્ડકપમાં બોલની દૃષ્ટિએ સૌથી ઝડપી સદી

| ખેલાડી | દેશ | હરીફ | સ્થળ | બોલ | વર્ષ |
|---|---|---|---|---|---|
| ફિન એલન | ન્યૂઝીલેન્ડ | દ. આફ્રિકા | કોલકાતા | 33 | 2026 |
| ક્રિસ ગેલ | વેસ્ટઇન્ડિઝ | ઈંગ્લેન્ડ | મુંબઇ | 47 | 2016 |
| ક્રિસ ગેલ | વેસ્ટઇન્ડિઝ | દ. આફ્રિકા | જોહાનિસબર્ગ | 50 | 2007 |
| હેરી બ્રુક | ઈંગ્લેન્ડ | પાકિસ્તાન | પલ્લેકલ | 50 | 2026 |
| બ્રેન્ડન મેકુલમ | ન્યૂઝીલેન્ડ | બાંગ્લાદેશ | પલ્લેકલ | 51 | 2012 |

### ટી-20 વર્લ્ડકપ નોકઆઉટ મેચમાં સર્વોચ્ચ વ્યક્તિગત સ્કોર

| ખેલાડી | દેશ | હરીફ | સ્કોર | મેચ | વર્ષ |
|---|---|---|---|---|---|
| ફિન એલન | ન્યૂઝીલેન્ડ | દ. આફ્રિકા | 100* | સેમી ફાઇનલ | 2026 |
| તિલકરત્ને દિલશાન | શ્રીલંકા | વેસ્ટઇન્ડિઝ | 96* | સેમી ફાઇનલ | 2009 |
| વિરાટ કોહલી | ભારત | વેસ્ટઇન્ડિઝ | 89* | સેમી ફાઇનલ | 2016 |
| એલેક્સ હેલ્સ | ઈંગ્લેન્ડ | ભારત | 86* | સેમી ફાઇનલ | 2022 |
| માર્લોન સેમ્યુઅલ | વેસ્ટઇન્ડિઝ | ઈંગ્લેન્ડ | 85* | ફાઇનલ | 2016 |

## આજનું પંચાંગ

**તા. 06/03/2026, શુક્રવાર**

**વિક્રમ સંવત :** 2082 **શાકે :** 1947
**વીર સંવત :** 2552 **માસ :** ફાગણ
**તિથિ:** વદ: ત્રીજ: 17:54 સંકષ્ટ ચતુર્થી
**અયન :** ઉત્તરાયન **ઋતુ :** વસંત
**રાષ્ટ્રિય દિનાંક :** ફાગણ: 15
**નક્ષત્ર :** હસ્ત: 09:30 પછી ચિત્રા
**યોગ :** ગંડ **કરણ:** બવ
**રાશિ:** કન્યા (પ,ઠ,ણ) 22:21 પછી તુલા (ર,ત)
**દિવસ :** અશુભ- શ્રી શિવાજી મહારાજ જયંતી તિથિ પ્રમાણે
**સુરતમાં સૂર્યોદય :** 06:57
**સુરતમાં સૂર્યાસ્ત :** 18:43
**નવકારસી :** 07:45
**પારસી વર્ષ :** 1395 મહેર માસનો 24મોરોજ
**મુસલમાન વર્ષ :** 1446, રમજાન માસનો 16મો રોજ
**દિવસનાં ચોઘડિયાં:** ચલ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ, ઉદવેગ, ચલ,
**રાત્રિનાં ચોઘડિયાં:** રોગ, કાળ, લાભ, ઉદવેગ, શુભ, અમૃત, ચલ, રોગ
**રાહુ કાળ:** સવારે: 10:30 થી 12:00 સુધી

## આપની આજ

**જ્યોતિષાચાર્ય હંસરાજ**

**મેષ (અ,લ,ઇ,):** ખાવા પીવામાં સાવધાની રાખવી. રંગીન અને રોમેન્ટીક લોકોને મળવાનું બને. નોકરીમાં મદદ મળે.

**વૃષભ (બ,વ,ઉ,):** પ્રેમમાં વિવાદ થાય. અભ્યાસમાં પ્રગતિ થાય. શેર બજારમાં થતી યોજના પ્રમાણે રોકાણ થાય.

**મિથુન (ક,છ,ઘ,):** ઘરમાં નવા ફેરફાર, નવુ ફરનીચર કે રંગ-રોગાનનું કામ કરવાની યોજનામાં વડીલોનો સાથ મળે.

**કર્ક (ડ,હ,):** સાહસિક અને રોમેન્ટીક પ્રવાસનું આયોજન થાય. વિજાતિય મિત્રોનો સાથ મળે. નવા કામમાં પ્રગતિ થાય.

**સિંહ (મ,ટ,):** ખાવા-પીવામાં મન-પસંદ વ્યજનોનો આનંદ . મિત્રો-પરિવાર સાથે સામાજિક પ્રસંગમાં મળે.

**કન્યા (પ,ઠ,ણ,):** ઈચ્છિત રસિક પાત્રને મળવાનું બને. નવા ક્રિએટીવ વિચારોથી પ્રભાવ વધે. આવક વધે.

**તુલા (ર,ત,):** મોજશોખ પાછળ ખર્ચા વધશે. વિજાતિય મિત્રો સાથે સાવધાની રાખવી. શુભ સમાચાર બને.

**વૃશ્ચિક (ન,ય,):** મિત્રો-સંતાન જીવન સાથી સાથે મનોરંજન થાય. સંતાનોની ચિંતા સતાવે. વિદ્યાભ્યાસમાં પ્રગતિ.

**ધન (ભ,ધ,ફ,ઢ,):** આવક વધારવાની યોજનામાં પ્રગતિ થાય. સરકારી કામ, નોકરી અને સામાજિક કામમાં પ્રગતિ.

**મકર (ખ,જ,):** ઉચ્ચ-શિક્ષણમાં મદદ મળે. વિદેશથી શુભ સમાચાર મળે. કાયદા કાનૂનમાં પ્રગતિ થાય.

**કુંભ (ગ,સ,શ,ષ,):** આરોગ્યના ખર્ચા વધે. વિશ્વાસઘાતથી સાવધાન. જીવનસાથીના આરોગ્યની ચિંતા રહે.

**મીન (દ,ચ,ઝ,થ,):** ભાગીદારી, સામાજિક અને પારીવારિક સમસ્યાનું નિરાકરણ થાય. રોજની આવક વધશે.

### કોઈ પણ સાલમાં 06 માર્ચે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ સંઘર્ષવાળું રહેશે. નોકરી-ધંધામાં ચડતી-પડતી અને નવા ફેરફાર તથા સ્થાનફેર અને જવાબદારી વધશે. ટેક્નોલોજીનો ઉપયોગ વધે. સમાજમાં સામાન્ય રહે. આર્થિક બાબતે સામાન્ય રહે. નવાં ધંધાના વેપારમાં હરીફો સતાવે. નોકરી-ધંધા-વ્યવસાયમાં કાર્યબોજની અસર આરોગ્ય પર થાય. ઉઘરાણીની ચિંતા સતાવે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં વિલંબ થાય. સંતાનોના અભ્યાસ કેરિયરમાં વિઘ્નો આવે. ઊંમરલાયકના વિવાહ થાય. વિદેશનાં કામ ધીમાં પડે. વિદ્યાર્થીઓને મહેનતનું ફળ મળે. નવા ઘર, વાહન, મકાનની યોજનામાં ગતિ આવે. આવક વધારવાની યોજનામાં ચડતી-પડતી રહે. વારસા, જાયદાદ, જમીન જેવા કામમાં મિત્રો-વડીલોનો સાથ મળે. યાત્રા, પ્રવાસ, ધર્મ-કર્મથી શાંતિ મળે. એપ્રિલ, મે તથા સપ્ટેમ્બર, ઓક્ટોબર અને શુક્ર-શનિવાર તથા 4, 15,24 તારીખ નવા કામ માટે શુભ રહેશે. જુલાઈ-ઓગસ્ટ, બુધવાર, તા. 1,10,19,28 એ નવા કામ ટાળવા ભૂરાં રંગનો ઉપયોગ ઓછો કરવો.

## શબ્દગુંફન - ૭૧૮૩

અરવિંદ એસ. મારૂ

**આડી ચાવી**
૧. અતિશય, પુષ્કળ (૪)
૪. પત્ની (૩)
૭. અંધારું, અંધકાર (૩)
૯. મુખ, ચહેરો (૩)
૧૦. રહેઠાણ, ભવન (૩)
૧૨. લાગ, અનુકૂળ વખત (૨)
૧૩. સાંકડી શેરી (૨)
૧૪. કસબ, હુન્નર (૨)
૧૫. એક જાતનું કાપડ (૨)
૧૬. ઢીલ, વિલંબ (૨)
૧૮. હોડ, બોલી કરાર (૩)
૨૦. દિવસ (૨)
૨૧. ગભરાટની દોડા દોડ (૩)
૨૪. આનંદ, વિનોદ (૩)
૨૬. અંકુશ (૨)
૨૭. અન્ય પારકું (૨)
૨૯. ફરિયાદ (૨)
૩૦. ખપ, જરૂર (૨)
૩૧. બધે રખડયા કરનાર (૫)
૩૫. પૂરું કરવું તે (૪)

**ઊભી ચાવી**
૨. સહાય (૩)
૩. બુદ્ધિ (૨)
૪. દબાણ, વજન (૨)
૫. નિકાસ, જાવરો (૩)
૬.ઉપવાસ (૪)
૮. દોસ્ત, સખા (૨)
૧૦. દિવાની જ્યોત (૨)
૧૧. શહેર (૩)
૧૨.શોધ, તપાસ (૩)
૧૫. ફતેહ, વિજય (૨)
૧૬. વાંદરું, કપિ (૩)
૧૭. ઇલાજ, ઉપાય (૨)
૧૯. મનોહર, સુંદર (૨)
૨૧.પાણીનો કુંડ (૨)
૨૨. મજબૂતાઈ (૩)
૨૩. કાર્ય,વરો (૩)
૨૫. મૂર્ખપણું (૩)
૨૭. પારકા પૈસા (૪)
૨૮. દરેક, પ્રત્યેક (૨)
૨૯. દશરથ રામનાં પુત્ર (૨)
૩૨. આનંદ, મોજ (૨)
૩૩. જંગલ (૨)
૩૪. કાળજી, પરવા (૨)

# એક પાકિસ્તાની ક્રિકેટરે હોટલની મહિલા સ્ટાફ સાથે ગેરવર્તણૂક કર્યાના અહેવાલ

**પાકિસ્તાની** ટીમ મેનેજરે હોટલ મેનેજમેન્ટની માફી માગતા મામલો થાળે પડ્યો હતો

**ખેલાડીએ** દંડ પણ ભરવો પડ્યો, હવે પીસીબીની શિસ્ત સમિતિ સમક્ષ હાજર થવું પડશે

કોલંબો, તા. 05 : ટી-20 વર્લ્ડકપ દરમિયાન પાકિસ્તાની ટીમના એક ખેલાડીએ શ્રીલંકાની એક હોટલમાં મહિલા સ્ટાફ સાથે ગેરવર્તન કર્યું હોવાના અહેવાલ સામે આવ્યા છે અને જે તે સમયે આ મામલે ટીમ મેનેજરે માફી માગીને મામલો થાળે પાડ્યો હતો.

આ ઘટના પાકિસ્તાનની યજમાન શ્રીલંકા સામેની સુપર 8 મેચ પહેલા બની હતી. ટેલિકોમ એશિયા સ્પોર્ટના એક અહેવાલમાં આ દાવો કરવામાં આવ્યો છે. પાકિસ્તાન ટીમ ગોલ્ડન ક્રાઉન હોટેલમાં રોકાઈ હતી. સૂત્રોએ જણાવ્યું હતું કે, મેચ પહેલા, પાકિસ્તાની ટીમના એક ખેલાડીએ મહિલા હાઉસકીપિંગ સ્ટાફ સભ્ય સાથે ગેરવર્તણૂક કરી હતી. આ મહિલાએ મદદ માટે બૂમો પાડતા હોટલ સ્ટાફ તેના બચાવમાં આવ્યો હતો. તે પછી પાકિસ્તાન ટીમના મેનેજર નવીદ ચીમાને ઘટનાની જાણ કરવામાં આવી હતી. અહેવાલો અનુસાર, ગોલ્ડન ક્રાઉન હોટેલના અધિકારીઓ ખેલાડી સામે કડક કાર્યવાહી કરવા માંગતા હતા, પરંતુ ચીમાએ ક્રિકેટર વતી હોટેલ મેનેજમેન્ટની માફી માગી હતી અને તેમણે ખેલાડી પર દંડ પણ ફટકાર્યો. આનાથી આખરે મામલો થાળે પડ્યો હતો. જો કે ખેલાડીની ઓળખ હજુ સુધી જાહેર થઇ નથી.

સેન્ટ્રલ બેંક ઓફ ઇન્ડિયા
सेन्ट्रल बैंक ऑफ इंडिया
Central Bank of India

અંકલેશ્વર જીઆઇડીસી શાખા : મસાલાવાલા શોપિંગ સેન્ટર, સ્ટેશન રોડ, જીઆઇડીસી રોડ, નેશનલ હાઇવે નં. ૮, અંકલેશ્વર જીઆઇડીસી, અંકલેશ્વર-૩૯૩૦૦૨

**પઝેશન નોટીસ**

ધી સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨, રૂલ ૮(૧)

આથી, (સ્થાવર મિલકત માટે)

નીચે સહી કરનાર **સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા, અંકલેશ્વર જી.આઇ.ડી.સી શાખા** ના અધિકૃત અધિકારીએ સિક્યોરિટાઇઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ (૫૪ ઓફ ૨૦૦૨) તથા કલમ ૧૩(૨), ૧૩(૧૨) હેઠળ મળેલી સત્તા સાથે સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ તથા નિયમ ૩ સાથે વંચાણે લેતા અંતર્ગત તા. ૧૯.૦૭.૨૦૨૫ ના રોજ ડિમાન્ડ નોટીસ દ્વારા ઉધારકર્તા **શ્રીમતી દયાબેન રાજુભાઈ શેખાલીયા (કરજદાર), શ્રી રાજુભાઈ વાજુભાઈ શેખાલીયા (સહ-કરજદાર)** ને નોટીસમાં જણાવેલ રકમ રૂા. ૫,૪૭,૭૬૮/- (રૂા. પાંચ લાખ સુડતાલીસ હજાર સાતસો અડસઠ પુરા) ચડત વ્યાજ સાથે નોટીસ મળ્યાના ૬૦ દિવસમાં ચુકવવા જણાવવામાં આવ્યું હતું.

ઉધારકર્તાને બેંકની લેણા રકમ ચુકવવામાં કસુરવાર થતાં આથી ઉધારકર્તા /જામીનદાર અને જાહેર જનતાને નોટીસ આપવામાં આવે છે કે અધિનિયમ ધી સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ તથા કલમ ૧૩(૪) તથા નિયમ ૮ હેઠળ મળેલ સત્તાની રૂએ **તા. ૦૧.૦૩.૨૦૨૬**ના રોજ નીચે જણાવેલ મિલકતનો **પ્રત્યક્ષ કબજો** લઈ લીધેલ છે.

ઉધારકર્તા/જામીનદારને વિશેષ રૂપથી તથા જાહેર જનતાને સુચિત કરવામાં આવે છે કે નીચે દર્શાવેલ મિલકતનો સોદો કરવો નહીં અને મિલકતનો સોદો કરશે તો તે **સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા, અંકલેશ્વર જી.આઇ.ડી.સી. શાખા** ના બાકી લેણા **રૂા. ૫,૪૭,૭૬૮/- (રૂા. પાંચ લાખ સુડતાલીસ હજાર સાતસો અડસઠ પુરા)** તા. ૧૯.૦૭.૨૦૨૫ના રોજ થી ચડત વ્યાજના બોજા સહિત રહેશે.

અહીં કરજદારનું ધ્યાન આકરુષ્ટ કરવામાં આવે છે તે જણાવેલ સમય મર્યાદામાં સેકસન ૧૩ના સબ સેક્શન (૮) હેઠળ તમો તમારી સુરક્ષિત મિલકતના બાકી લ્હેણાં ભરપાઈ કરી પાછી મેળવી શકો છો.

**સ્થાવર મિલકતની વિગત**

શ્રીમતી શેખાલીયા દયાબેન રાજુભાઈ અને શ્રી શેખાલીયા રાજુભાઈ વાજુભાઈની માલિકીની સ્થાવર મિલકત જે પ્લોટ નં. બી-૧૪૫, જે સાવન ગ્રીન સિટી ઈરેક્ટેડ ઓવર સબ પ્લોટ નં. ૩, ક્ષેત્રફળ ૨૮,૮૦૦.૦૦ સ્કે.મીટર, એલ.બી.આર.એસ. નં. ૨૩૬, ૨૫૨/પી (નવુ) અને ૮૫/પી (જુનો), ક્ષેત્રફળ ૪૨.૪૨ સ્કે.મીટર, પ્લોટેડ એરીયા અને ૨૦.૦૦ સ્કે.મીટરની જમીન અને રોડ અને કોમન પ્લોટ અને બાંધકામ ઈરેક્ટ ઓવર સાથે, જે ગામ-કરારવેલ, તાલુકા-અંકલેશ્વર, જિ. ભરૂચ ખાતે આવેલ સ્થાવર મિલકત.

ચતુરસીમા : ● પુર્વે : ઈન્ટરનલ રોડ ● પશ્ચિમે : કોમન પ્લોટની જમીન ● ઉત્તરે : પ્લોટ નં. એ-૧૪૫ ● દક્ષિણે : પ્લોટ નં. એ-૧૪૬

તારીખ : ૦૧.૦૩.૨૦૨૬
સ્થળ : અંકલેશ્વર

સહી/-
અધિકૃત અધિકારી,
સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા